# સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.
સુરસાગર ડેરી – વઢવાણ
" ઠાકરધણી સુરસાગર ભવન ", ૨૪૯, જી.આઈ.ડી.સી., ફેઈઝ – ૨, આંબાવાડી, વઢવાણ – ૩૬૩ ૦૩૫

એસએસડી/એસએનઆર/સીએસ/મંડળી/પરિપત્ર/૨૦૨૬/ તા.૧૧/૦૭/૨૦૨૬

## :: **પરિપત્ર** ::

**વિષય :–અમૂલ એ.આઈ."સરલાબેન"અંગે વ્યાપક જાગૃતિ લાવવા બાબત.**
**સંદર્ભ :– જી.સી.એમ.એમ.એફ. લી. આણંદનો પત્ર તા.૦૭/૦૭/૨૦૨૬**

આથી સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી., સુરસાગર ડેરી,વઢવાણ સાથે સંયોજીત તમામ દૂધ સહકારી મંડળીઓના પ્રમુખશ્રી–મંત્રીશ્રીઓને, સંચાલકોને ઉપરોકત વિષય અને સંદર્ભ તળેના પત્ર મુજબ જણાવવાનું કે અમૂલ એ.આઈ " સરલાબેન" આધારીત ડિઝીટલ સેવા સફળતા પૂર્વક કાર્યરત છે. હાલમાં દૂધ ઉત્પાદકો ધ્વારા **૦૮૦-૩૫૪૫૩૫૪૫** ફોન નંબર પર ફોન કોલ,વોટસએપ તથા અમૂલ ફાર્મર એપ મારફતે તેનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવી રહયો છે. માત્ર જુન–૨૦૨૬ દરમ્યાન જ ૧.૫ લાખથી વધુ ચેટ અને ફોન કોલ પ્રાપ્ત થયેલ છે. તેમજ દૂધ ઉત્પાદકો તરફથી ખુબજ સારો પ્રતિસાદ મળેલ છે. આવનારા સમયમાં અમૂલ એ.આઈ. સાથે આઈ.ખેડૂત પોર્ટલ, ભારત વિસ્તાર, માઈક્રોલોન એપ્રુવલ અને પશુ ચિકિત્સકો ને જોડવામાં આવશે. હાલ અમૂલ એ.આઈ ધ્વારા દૂધ મંડળીની કામગીરી અંગે માહિતી, પશુપાલન અને દૂધ ઉત્પાદન અંગે માર્ગદર્શન, પશુ આરોગ્ય અને સ્વાસ્થ્ય રેકોર્ડ, દૂધની ગુણવતા અને નફાકારકતા વધારા અંગેની સલાહ, ધાસચારો અને પશુપોષણ, પશુ વિમા, સરકાર તથા દૂધ સંઘની વિવિધ યોજનાઓ,રસીકરણની માહિતી, પશુની પરંપરાગત સારવાર અને ઘરગથ્થુ ઉપાયો અને અમૂલ ફાર્મર એપ અંગે માર્ગદર્શન મેળવી શકો છો. આથી તમામ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને જણાવવાનું કે પોતાના ગામના તમામ દૂધ ઉત્પાદકોમાં અમૂલ એ.આઈ. એપ (સરલાબેન અંગે) વ્યાપક જાગૃતિ આવે તે માટે પ્રચાર પ્રસાર કરવો. તથા આપની મંડળીની વાર્ષિક સભામાં દૂધ ઉત્પાદકોને માહિતગાર કરવા અને દૂધ સંઘની અમૂલ ફાર્મર એપ મોબાઈલમાં ઈન્સ્ટોલ કરે તેવો પ્રયત્ન કરવો. તથા સહકારી દૂધ ઉત્પાદકોને આધુનિક ટેકનોલોજીનો લાભ મળે અને તેમના પશુપાલન વ્યવસાયમાં વધારો થાય તે માટે આ કામગીરીને પ્રાથમિકતા આપવાની જાણ સારૂ.

**મેનેજીંગ ડીરેકટર**

**સવિનય નકલ રવાના :**

(૧) પ્રતિ, શ્રી ચેરમેન સાહેબ / વાઈસ ચેરમેનશ્રી તથા તમામ બોર્ડ ઓફ ડીરેકટરશ્રીઓ :– જાણ સારૂ

(૨) પ્રતિ,શ્રી મેનેજીંગ ડીરેકટર સાહેબ, ગુજરાત કો.ઓ.મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લી. અમૂલ ડેરી રોડ,આણંદ :– જાણ સારૂ

**નકલ રવાના :**

(૧) પ્રતિ, શ્રી પ્રમુખ/મંત્રી તમામ દૂધ મંડળીઓ :– મંડળીના નોટીસ બોર્ડ પર અમૂલ એ.આઈ. અંગેના પોષ્ટર પ્રદશિત કરવા અને વધુમાં વધુ દૂધ ઉત્પાદકો અમૂલ એ.આઈ."સરલાબેન" એપનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવા સારૂ.

(૨) પ્રતિ,શ્રી તમામ ક્ષેત્રગામી કર્મચારીઓ તરફ :– અમલવારી કરવા સારૂ.

(૩) પ્રતિ,શ્રી વિભાગીય વડા એ.એચ./વહિવટ/એકાઉન્ટ/સ્ટોર/લેબ/પ્લાન્ટ :– જાણ સારૂ.